# રાજ્યમાં કોરોનાના નવા ૧૫૬૫ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં છ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં ૨,૭૪,૨૪૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે : રાજ્યમાં સાજા થવાનો દર ૯૬.૦૮ ટકા પર





ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૧૫૬૫ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૯૬૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૭૪,૨૪૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૬.૦૮ ટકા પર પહોંચી ચુક્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૨૮,૩૬,૨૦૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૫,૯૨,૭૧૨ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૩૪,૨૮,૯૧૬ લોકોને રસી આપવામાંઆવી છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૮૭,૬૫૪ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિમાં રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં કોરોનાનાં કુલ ૧૫૬૫ દર્દી નોંધાયા અને રાજ્યમાંથી ૯૬૯ દર્દીઓ સાજા થયા. આ ઉપરાંત રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૯૬.૦૮ ટકા થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨,૭૪,૨૪૯ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં હાલ કુલ ૬૭૩૭ કોરોનાના એક્ટિવ કેસ છે. ૬૯ લોકો વેન્ટિલેટર પર છે. ૬૬૬૮ લોકો સ્ટેબલ છે. ૨,૭૪,૨૪૯ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪૪૪૩ લોકોનાં અત્યાર સુધી રાજ્યમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે આજે કુલ ૦૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનનાં ૨, સુરત કોર્પોરેશનનાં ૨, રાજકોટનાં ૧ અને વડોદરા કોર્પોરેશનનાં ૧ વ્યક્તિ સહિત કુલ ૬ લોકોનાં મોત નિપજ્યાં છે.

## ચિંતા વધી : મોડાસાના ઓર્થોપેડીક સર્જનનો કોરોના પોઝિટિવ

### મોડાસા, બાયડ સહિતના અનેક વિસ્તારો કોરોનાની ઝપેટમાં, વેપારીઓમાં ભય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે હવે ડાક્ટરો પણ સંક્રમિત થઈ રહ્યા છે. મોડાસાના જાણીતા ઓર્થોપેડીક સર્જન ડાં.ચેતન શાહનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં તબીબ આલમમાં ચિંતા વધી છે. મોડાસા-બાયડ સહિતના અનેક વિસ્તારોમાં અધધ કોરોનાના પોઝિટિવ અને શંકાસ્પદ કેસ છે જેના કારણે વેપારીઓમાં કોરોનાનો ભય હાવિ થઈ ગયો છે.

ચૂંટણીનો જંગ જીત્યા પછી રાજકીય પક્ષો સત્તામાં આવ્યા પરંતુ ભોગવવાનું પ્રજા અને અન્યોને આવ્યું છે. રાજકીય મેળાવડામાં કોરોનાની તમામ ગાઈડલાઈન ભૂલાઈ જેનાં ગંભીર પરિણામો નજર સમક્ષ છે. જે રીતે તંત્ર દ્વારા કોરોનાના દર્દીઓની સાચી સંખ્યા ઉપર ઢાંકપીછોડ થઈ તે પણ હવે બહાર આવી રહી છે. બાયડ તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઢગલાબંધ કોરોના સંક્રમિત કેસ જોવા મળી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા પણ આ મુદ્દે અંદરખાને ચિંતા વ્યક્ત કરાઈ હોય તેવું બની શકે.

જ્યારે મોડાસામાં પણ કોરોનાએ હવે હોસ્પિટલ સુધી પગપેસારો કર્યો છે. ઓર્થોપેડીક સર્જનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી ડાંક્ટર સંપર્કમાં આવેલા દર્દીઓ અને સ્ટાફ પણ સંક્રમિત છે કે કેમ..?? તેની ચકાસણી શરૂ કરવામાં આવી છે. તાજેતરમાં જ મોડાસામાં કોરોનાના કારણે એક વ્યક્તિનું મોત નિપજ્યા પછી હડકંપ મચ્યો છે. આ સંજોગોમાં બેકાબુ બનેલા કોરોનાને અંકુશમાં મૂકવા માટે પ્રજા સ્વયં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું શિસ્તપૂર્વક અમલ કરે તે પણ એકમોટી રાષ્ટ્ર સેવા ગણાશે.

**બાયડનો બિલ્ડર પણ કોરોનાની ઝપેટમાં..**

બાયડ : કોરોનાએ અત્ર, તત્ર, સર્વત્ર દેખાડો કર્યો છે ત્યારે બાયડના એક જાણીતા બિલ્ડર પણ કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવ્યું છે અને હાલ હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

## પ્રાંતિજના કાટવાડ પાસે કેનાલમાં પડતા યુવાનનું ડુબી જવાથી મોત

### ગુંદાના ઝાડ ઉપર થી યુવાન કેનાલમા પડતા ડુબી જવાથી મોત



પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના કાટવાડ પાસે આવેલ હાથમતી કેનાલ મા પડી જતા યુવાન નુ મોત.

પ્રાંતિજ ના કાટવાડ પાસે આવેલ હાથમતી કેનાલ પાસે આવેલ ગુંદા ના ઝાડ ઉપર ગુંદા લેવા ગયેલ યુવાન ઝાડ નુ ડાળુ ભાગતા યુવાન નીચે આવેલ કેનાલ મા પટકાયો હતો અને પાચ ફુટ ઉડી કેનાલ મા પડતા પાણી પીજતા મોત નિપજયુ હતુ તો આ અંગે કોલોની મા રહેતા અન્ય કામદારો મૃતક યુવક મોડે સુધી ના આવતા તપાસ કરતા યુવાન કેનાલ મા ડૂબેલી હાલત મા જોવા મળ્યો હતો તો પ્રાંતિજ પોલીસ અને પ્રાંતિજ ફાયર વિભાગ ટીમ ને જાણ કરી હતી તો પ્રાંતિજ ફાયર ટીમ ના મુકેશભાઈ પરમાર અને ગોપાલ ભાઈ સહિત ફાયર ટીમ ધટના સ્થળે દોડી આવ્યા હતા અને યુવાન ને કેનાલ માથી મૃત હાલત મા બહાર કાઢવામા આવ્યો હતો તો પ્રાંતિજ પોલીસ દ્વારા મૃતક વિનુભાઈ માવજીભાઈ અંસારી ઉ.વર્ષ -૪૫ રહે.બાવળીયા પાલ ,તા.ભિલોડા જી.અરવલ્લી ના ઓને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે ખસેડવામા આવ્યો હતો .

## સમાચાર રફતાર

- દિવ-દમણ અને સેલવાસમાં રવિવારે તમામ બીચ અને પર્યટન સ્થળો બંધ રાખવા નિર્ણય.
- ઐતિહાસિક ડાંગ દરબાર નહી યોજવા વહીવટીતંત્રનો નિર્ણય.
- દાહોદ જિલ્લામાં હોળીના તમામ મેળાવડાઓ પર પ્રતિબંધ મુકાયો.
- પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાનખાન કોરોનાથી સંક્રમિત.
- વડોદરામાં સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ અને નભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા કોરોનાથી સંક્રમિત.
- મધ્યપ્રદેશના ઈન્દોર, ભોપાલ અને જબલપુરમાં રવિવારે સંપૂર્ણ લોકડાઉન.
- ભાજપ દ્વારા ૨ ૨મીએ લોકસભાના સભ્યોને હાજર રહેવા વ્હીપ અપાયો.
- દત્તાત્રેય હોર્સબલે આરએસએસના સર કાર્યવાહક નિમાયા.

## કોરોનાને હરાવવા રસી મુકવવાનું આહવાન કરતાં અગ્રણી ગણપતભાઈ જોષી



પાલનપુર

કોવિડ-૧૯ કોરોના વૈશ્વિક મહામારી એ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યા છે ત્યારે આ વાયરસને હરાવવા દરેક વ્યક્તિ એ કોરોના રસી મુકાવવી ખુબ જરૂરી છે તેમ પાલનપુર શહેરના સામાજિક અગ્રણી શ્રી ગણપતભાઈ કે. જોષીએ જણાવ્યું છે. તેમણે કહ્યું કે, આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાને દેશવટો આપવા રાષ્ટ્ર વ્યાપી ઝુંબેશ શરૂ કરી છે ત્યારે આપણા કુંટુંબ, સમાજ અને શહેરને આ વાયરસથી સુરક્ષિત, સ્વસ્થ અને સલામત રાખવા કોઈપણ જાતનો ડર કે ભય રાખ્યા વગર રસી મુકાવવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે, મેં બાયપાસ સર્જરી કરાવેલી છે તેમ છતાં તબીબોની સલાહ પ્રમાણે બે દિવસ પહેલાં જ કોરોનાની વેક્શીન લીધી છે તેની કોઈ જ આડઅસર થતી નથી ત્યારે તમામ નગરજનોને રસી મુકાવવા તથા સુરક્ષા સુનિશ્ચિત કરવા આહવાન કરું છું.

## બાયડ પાલિકામાં આજે રવિવારે પણ વેરા વસુલવા ઝૂંબેશ

### શનિવારે રૂા.૧ લાખથી વધુની વેરા વસુલાત, કોરોના વકર્યો છતાં સારી કામગીરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડ નગરપાલિકાએ વેરા વસુલ ઝૂંબેશને સઘન બનાવી છે. માર્ચ મહિનો ચાલતો હોવાથી આજે રવિવારે પણ પાલિકાના કર્મચારીઓ વેરા વસુલ ઝુંબેશ ચલાવશે. શનિવારે એક જ દિવસમાં રૂા.૧,૦૬,૭૯૦ની વેરા વસુલાત કરી કર્મચારીઓએ કોરોના વકર્યા હોવા છતાં સારી કામગીરી કરતાં તેની પદાધિકારીઓએ નોંધ લીધી છે.

બાયડ પાલિકાના મોટાભાગના રહીશો નિયમિત વેરા ભરતા હોય છે પરંતુ કોઈપણ કારણોસર બાયડ પાલિકાના ઈતિહાસમાં સૌથી નબળી વેરા વસુલાત જોવા મળી. પાલિકામાં ભાજપની સત્તા આવ્યા પછી વેરા વસુલ ઝૂંબેશને સઘન બનાવવામાં આવી છે. પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો દ્વારા તમામ કર્મચારીઓને વેરા વસુલાત ઝૂંબેશમાં કામગીરી સોંપવામાં આવી છે. શનિવારે પણ કર્મચારીઓએ પણ રૂા.૧ લાખથી વધુ વેરો વસુલ્યો હતો. આજે રવિવારે પાલિકા કર્મચારીઓ વેરા વસુલ ઝૂંબેશ ચાલુ રાખશે. જે રીતે વેરા વસુલાતની આવકમાં ઉછાળો આવ્યો છે તે જોતાં પાલિકાના સ્વભંડોળમાં સતત વધારો થઈ રહ્યો છે.



### ડીસામાં દલિત સમાજના આગેવાનોનું આવેદનપત્ર

તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા પીએસઆઈની જાહેરાત બહાર પાડવામાં આવી છે પણ તેમાં અનામતનું ધારાધોરણ ન જળવાતા દલિત સમાજમાં રોષની લાગણી છવાઈ છે. આ મુદ્દે સંત રોહિદાસ સેવા ટ્રસ્ટ અને ડીસાવળ રોહિત સમાજના નેજા હેઠળ ડીસામાં દલિત સમાજના આગેવાનોએ પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર પાઠવી જણાવ્યું હતું કે, બિનહથિયારી પીએસઆઈની ભરવાપાત્ર જગ્યા ૨૦૨ છે જેમાં દલિતોને ૭ ટકા પ્રમાણે ૧૪ સામે માત્ર ૧ બેઠક ફાળવી છે એ જ રીતે હથિયારધારીની ૭૨ જગ્યા સામે ૫ ને બદલે માત્ર ૨ ફાળવી છે જ્યારે મહિલા ઉમેદવારોની ૯૮ જગ્યામાં તો એકપણ ફાળવી નથી. જે હળાહળ અન્યાયથી સરકારની માનસિકતા છતી થાય છે તેવા આક્ષેપો કરી આ મુદ્દે સત્વરે ઘટતાં પગલાં ભરવાની ઉગ્ર રજુઆત કરી હતી.

### ડીસા નગરપાલિકા વિસ્તારની જાહેર જનતા જોગ સૂચના

સરકારશ્રી દ્વારા નલ-સે-જલ યોજના અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાની પરવાનગી સિવાય લેવામાં આવેલ રહેણાંક મિલકત માવ ગેરકાયદેસર નળ જોડાણ,કાયદેસર કરવા માટે કોઈપણ પ્રકારના દંડ સિવાય માત્ર વેરો અને ૫૦૦? નિયત ફી ના નાણાં ભરી જોડાણ કાયદેસર કરી શકાશે. આ યોજના કાયદેસર ની મિલકત અને દબાણ ની મિલકતધારકો ને લાગુ પડશે. જોડાણ કાયદેસર કરાવવા માટે કાયદેસરની મિલકત ધારકે વેરા પાવતી અને આકારણી પત્રકની નકલ રજૂ કરવાની રહેશે. દબાણની મિલકત ધારકે યુઝર ચાર્જની નકલ રજૂ કરવાની રહેશે. આ યોજના માત્ર તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી જ અમલમાં રહેશે.

## પાલનપુરમાં "આપ"નું વિરોધ પ્રદર્શન : ૮ કાર્યકરોની અટકાયત

કેન્દ્રની કેજરીવાલ સરકારની સત્તા પર કાપ મુકવાના વિરોધમાં આજે પાલનપુર ખાતે આમઆદમી પાર્ટીના કાર્યકરોએ આક્રોશ ઠાલવતા વિરોધ પ્રદર્શન કર્યું હતું.

કેન્દ્ર સરકાર દ્વારા એલ.જી.ના માધ્યમ થી દિલ્હીની કેજરીવાલ સરકારના કામો પર રોક મુકતા આમ આદમી પાર્ટીમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. કેજરીવાલ સરકાર સામે સંસદમાં ઠરાવ કરી કેટલાક કામો એલ.જી.ને આપતા વિરોધ થઈ રહ્યો છે. દિલ્હીમાં ડોર ટુ ડોર રેશનિગની પ્રક્રિયા ચાલુ હતી તેના પર પ્રતિબંધ લગાવતાં દેશભરમાં આમ આદમી પાર્ટીમાં વિરોધનો સુર ઉઠ્યો છે. ત્યારે પાલનપુર ખાતે પણ આમ આદમી પાર્ટી દ્વારા ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરાયું હતું.

## ડીસાના કાંટ રોડ ઉપર રિક્ષા અને બાઈક ટકરાતા એકનું મોત

ડીસા પંથકમાં ગત રોજ માર્ગ અકસ્માતની ઘટનામાં ઈજાગ્રસ્ત બનેલાં બે યુવકમાંથી એકનું મોત થયુ છે. ગત રવિવારે ડીસાથી પ્રસાદી લઈ ઘરે જઈ રહેલાં બે યુવકોને અકસ્માત નડ્યો હતો. જેમાં બાઈક ચાલક યુવકે ગફલતભરી રીતે બાઈક ચલાવી આગળ જતી રીક્ષાને ટક્કર મારતાં બાઈક સવાર અને અન્ય યુવક ઈજાગ્રસ્ત બન્યો હતો. જેથી બંનેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડ્યા બાદ એકને ગંભીર ઈજાઓ હોઈ મહેસાણા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જોકે સોમવારે સારવાર દરમ્યાન ઈજાગ્રસ્ત યુવકનું પણ મોત થતાં પરિવારજને આ મામલે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

### કોરોનાનો કહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એક કર્મયોગી, ટ્યુશન ક્લાસના શિક્ષક, પ્રોફેસર, જીઈબીનો કર્મયોગી તેમજ કૃષિ સલાહકારનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૭ માં ૩, સે. ૬, ૫ અને સે. ૧૫ માં બે-બે કેસ ઉપરાંત સે. ૨, ૩, ૯, ૨૦, ૨૨, ૨૪, ૨૭ અને ૨૮ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી અને મોટીવયના દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### ફોર્મનું વિતરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભાર્થીઓન આજથી ફોર્મનુ વિતરણ શરૂ કરાયુ હતુ. ગુડા દ્વારા આ માટે સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સે-૨૧ની એક્સિસ બેંક, કુડાસણના ટી પી ૬ સ્થિત ગુડાના ગાર્ડન અને આઈ સી આઈ સી આઈ તેમજ એક્સિસ બેંક ખાતે આજે સવારથી જ ગુડાના આવાસો માટે ફોર્મ વિતરણ શરૂ કરી દેવાયુ હતુ. આ ઉપરાંત રાયસણમાં પણ ફોર્મ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. આજે પ્રથમ દિવસે જ ૨ હજાર જેટલા અરજદારોએ ફોર્મ લીધા હતા જયારે ફોર્મ લેવા માટે નિયત સેન્ટરો પર મોટી કતાર જોવા મળી હતી. કોરોનાના લીધે સોશિયલ ડીસ્ટન્સીંગના પાલનને અનુલક્ષી ગોળ વર્તુળ પણ સેન્ટર પર કરી દેવાયા હતા. માસ્ક તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગનુ યોગ્ય પાલન થાય તેનો પુરતો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. અરજદારોએ આગામી તા ૩૧ મેં સુધીમાં ફોર્મ જમા કરવાનુ રહેશે.

### અપગ્રેડ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદાજિત ૧૪ કી મી ની પાઈપલાઈન પણ નાંખવામાં આવી છે. જેઠલજ પાસે આઉટલેટ આપવામાં આવ્યુ છે. જયારે આ પ્લાન્ટને અનુલક્ષી પ્રથમ તબક્કામાં પમ્પીંગ મશીનરી અને સ્ક્રીનીંગની કામગીરી હાથ ધરાશે. જે અન્વયે ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરવામાં આવી છે. પાણીમાંથી વાસ ન આવે તે માટે ડી ઓડોરાઈઝેશન સિસ્ટમનુ કામ હાથ ધરાશે. પાણી શુધ્ધિકરણના નિયમોમાં પણ બદલાવ આવ્યો છે. જેને ધ્યાને લઈ બીજા તબક્કામાં આ માટે પણ કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત ફેઈઝ - ૨ અન્વયે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની પ્રકીયા અપગ્રેડ કરવા માટે કામગીરી હાથ ધરાશે.

### વિધાનસભામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે કે જિલ્લામાં હાલ ૨૨ સીન્ટેક્ષના ઓરડાઓ વપરાશલાયક છે, જ્યારે ૨૫૫ સીન્ટેક્ષના ઓરડાઓ જર્જરિત હાલતમાં બિનવપરાશ લાયક છે.

એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૮-૧૯માં ૬ અને ૨૦૧૯-૨૦ માં ૧૬ ઓરડાઓ દૂર કરી જગ્યા ખુલ્લી કરવા સૂચના આપવામાં આવી છે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લામાં ૧૧૯ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે. આ મંજૂરી આગામી સમયમાં તબક્કાવાર રીતે ઝડપથી આપવામાં આવશે.

- **જિલ્લાઓમાં ગૌશાળા**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ કાર્યરત ગૌશાળાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૌ સંવર્ધન મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૧ ગૌશાળાઓ કાર્યરત છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ૨૦૧૯માં ગાંધીનગર જિલ્લામાં આ ગૌશાળાઓને રૂ. ૪૦,૭૬,૭૨૧ અને ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ સુધીમાં રૂ. ૮,૫૦,૯૮૨ ની સહાય ચુકવવામાં આવી છે.

- **દબાણ દૂર કરાયા**

ગાંધીનગર (ઉ)ના કોંગી સભ્ય ડૉ. સી.જે. ચાવડાએ કલોલ તાલુકાના રાંચરડા ગામમાં દબાણ દૂર કરવા અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ગામમાંથી તમામ દબાણો દૂર કરવામાં આવ્યા છે.

### ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભયંકર સુનામીને દસ વર્ષ પૂરા થયા હતા. તે સમયે ભૂકંપને લીધે છથી દસ મીટર ઊંચા સુનામીના મોજાએ વિનાશ વેર્યું હતું. જાપાનના દરિયાકાંઠાથી લઈને દસ કિલોમીટર અંદર સુધી સુનામીએ વિનાશ નોતર્યું હતું. તેમાં ૧૮ હજાર લોકોનાં મોત નિપજ્યાં હતાં.

આ પહેલાં ૫ માર્ચે ન્યૂઝીલેન્ડના ઉત્તરી-પૂર્વી કાંઠે ૮.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એ બાદ આ વિસ્તારમાં સુનામીનું અલર્ટ જાહેર કરાયું હતું. ભૂકંપ ઉત્તરી આઈસલેન્ડની પાસે કેરમાડેક દ્વીપ પર આવ્યો હતો. જાહેર થયેલી ચેતવણીમાં કહેવામાં આવ્યું હતું કે કાંઠાના વિસ્તારો નજીક રહેતા લોકોએ તાત્કાલિક ઊંચાઈવાળી જગ્યાએ જતા રહેવું જોઈએ.

### પાંચ વર્ષ આપો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મમતા વોટ બેક્નના તૃષ્ટિકરણનો ખેલ ખેલી રહ્યા છે. રાજ્યમાં ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે. તમને લોકોને ખ્યાલ હશે કે ઉદ્યોગોને ઝડપથી મંજૂરી માટે સિંગલ વિન્ડો સિસ્ટમ અમલમાં છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં એક માત્ર સિંગલ વિન્ડો સિસ્ટમ છે. આ સિંગલ વિન્ડો સિસ્ટમનું નામ છે ‘ભાઈપોલ્ન (ભત્રીજા)પજેની પાસેથી મંજૂરી વગર રાજ્યમાં કોઈ કામ નથી થઈ શકતું.

પીએમ મોદીએ ડાબેરીઓ અને કોંગ્રેસ ઉપર પણ પ્રહાર કર્યો હતો અને બંગાળમાં પાંચ વર્ષમાં ભાજપ ૭૦ વર્ષની ગંદકીને દૂર કરશે તેવું નેરેટિવ પણ સેટ કરવા પ્રયાસ કર્યો હતો. મમતા બેનરજીએ ભાજપને બહારની પાર્ટી ગણાવી હોવાનો દાવો વડાપ્રધાને ફગાવતા ઉમેર્યું કે, ભાજપ જ બંગાળની સાચી પાર્ટી છે. શ્યામા પ્રસાદ મુખરજીએ જન સંઘની સ્થાપના કરી હતી જે ભાજપ પૂર્વેનો પક્ષ હતો. તેઓ બંગાળની ધરતીના પુત્ર હતા. મમતા બેનરજીના સૂત્ર ‘ખેલા હોબેલ્ન (રમત થશે)ને ટાંકીને પીએમ મોદીએ જાહેરસભામાં નવું સૂત્ર આપ્યું હતું કે, દીદી હવે રમત પૂરી થઈ અને વિકાસ શરૂ થશે. કેન્દ્રની આયુષ્માન ભારત યોજનાનો અમલ પશ્ચિમ બંગાળની રાજ્ય સરકારે નહીં કરતા પીએમ મોદીએ ટીએમસીને આડેહાથ લીધી હતી. વડાપ્રધાને કહ્યું કે, ટીએમસીને ડર હતો કે આ યોજના લાગુ કરવાથી કેન્દ્રને તેનો લાભ મળશે. મમતા દીદી કેન્દ્રની યોજનાઓના અમલીકરણ આડે દિવાલની જેમ ઉભા રહે છે.

### રસી મળશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલ રસીનું ઉત્પાદન કરતી બે કંપનીઓ સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેક કે જેઓ અનુક્રમે કોવિશિલ્ડ અને કોવેક્સીન બનાવે છે તેમને પણ ઉત્પાદન વધારવાનું કહેવાયું છે, તેમ ડૉ. ગુલેરિયાએ ઉમેર્યું. ડૉ. ગુલેરિયાના મતાનુસાર, પ્રાયોરિટી ગ્રુપને રસી અપાયા પછી જ ઓપન માર્કેટમાં વેક્સીન ઉતારાશે.

કેન્દ્રીય મંત્રી હર્ષ વર્ધને કહ્યું, કોવિડ સામે યુનિવર્સલ ઈમ્યૂનાઈઝેશન (દરેક વ્યક્તિને રસી આપવી) જરૂરી નથી. સરકાર આ બાબતે કોવિડ-૧૯ના રસીકરણ માટે નિમાયેલા નેશનલ એક્સપર્ટ ગ્રુપ અને ડબલ્યુએચઓની ગાઈડલાઈન્સનું પાલન કરી રહી છે. વિવિધ સાંસદોના પ્રશ્નોના જવાબમાં આરોગ્ય મંત્રાલયે લેખિત જવાબ આપતાં કહ્યું કે, જ્યાં રસી આપવામાં આવે છે તેવા સરકારી અને ખાનગી તેમ બંને કેંદ્રોની સંખ્યામાં વધારો કરીને સરકાર રસીકરણની ગતિને વેગ આપવા માગે છે.